# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૦૮/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરત આવેલા કેનેડાના બિઝનેસ પ્રતિનિધિઓ અને સુરતના ઉદ્યોગ સાહસિકો વચ્ચે ઇન્ટરેકટીવ મિટીંગ મળી

**ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને કેનેડાના બિઝનેસમેનો સાથે વ્યાપાર કરવામાં સરળતા રહે અને તેઓ એકબીજાના સીધા સંપર્કમાં આવે તે હેતુથી કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સની સાથે સમજૂતિ કરાર થયા : રમેશ વઘાસિયા**

**કેનેડા હવે ઔદ્યોગિક દૃષ્ટિએ તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ બધી જ રીતે ઉભરતો દેશ છે ત્યારે વ્યાપાર અને વાણિજ્યની દૃષ્ટિએ તેઓ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વધુ સક્રિય થશે, જેનો સીધો લાભ સુરતના ઉદ્યોગ સાહસિકોને થશે : કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નરેશકુમાર ચાવડા**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરત આવેલા કેનેડાના ૨૨ જેટલા બિઝનેસ પ્રતિનિધિઓ અને સુરતના ઉદ્યોગકારો – વેપારીઓ સાથે સોમવાર, તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ઇન્ટરેકટીવ મિટીગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુરતના ઉદ્યોગ સાહસિકોને કેનેડામાં જુદા–જુદા ક્ષેત્રોમાં રહેલી વ્યાપાર – ધંધાની વિપુલ તકો વિશે જાણકારી આપવામાં આવી હતી.

આ મિટીગમાં SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC) વચ્ચે વ્યાવસાયિક માહિતીના તેમજ બિઝનેસ ઇન્કવાયરીના આદાન – પ્રદાન હેતુ તેમજ બે દેશોના ઉદ્યોગકારો અને વેપારીઓ એકબીજાને બિઝનેસમાં પરસ્પર ઉપયોગી થઇ શકે તે માટે સમજૂતિ કરાર થયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ

વઘાસિયા અને કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નરેશકુમાર ચાવડાએ આ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, સુરત અને કેનેડાની ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે થયેલા સમજૂતિ કરારને પગલે બંને દેશોની ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો વચ્ચે વ્યાવસાયિક માહિતીનું આદાન – પ્રદાન થઇ શકશે. સાથે જ સુરતના ઉદ્યોગ સાહસિકો – વેપારીઓ અને કેનેડાના બિઝનેસમેનોને જરૂરી વ્યાવસાયિક માર્ગદર્શન અને સહયોગ પણ મળી રહેશે. કેનેડાના બિઝનેસમેનોને જે પ્રોડકટની જરૂર હશે તેની માહિતી સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આપવામાં આવશે, જેથી કરીને તેઓ સુરતથી વિવિધ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકશે. આવી રીતે આગામી સમયમાં ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત રૂપિયા ૮૪૦૦૦ કરોડના એક્ષ્પોર્ટના લક્ષ્યાંકને પૂર્ણ કરવા હેતુ એકબીજાનો સહયોગ મળી રહેશે.

આ સમજૂતિ કરારને પગલે સુરતના ઉદ્યોગ સાહસિકો અને કેનેડાના બિઝનેસમેનો એકબીજાની સાથે પરસ્પર કનેકટ થશે અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં કોન્ટ્રીબ્યુશન વધારવા કાર્યરત થશે, આથી આગામી સમયમાં સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને કેનેડામાં બિઝનેસ માટે વિપુલ તકો ઉભી થશે. વધુમાં આ સમજૂતિ કરાર મુજબ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટને કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો તેમજ કેનેડાના બિઝનેસમેનો સુધી પહોંચાડવામાં આવશે.

ચેમ્બર પ્રમુખે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ની પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે. તેમણે કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેમજ ૨૨ જેટલા પ્રતિનિધિ મંડળને મિશન ૮૪ની સાથે જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ હેતુ છેલ્લાં ૮૪ વર્ષથી પ્રયાસ કરતી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના નેજા હેઠળ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને કેનેડાના બિઝનેસમેનો સમજૂતિ કરારને પગલે સરળતાથી એકબીજાને સાથે બિઝનેસ કરી શકશે, જેથી કરીને બંને દેશોના બિઝનેસમેનો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ઝંપલાવી પોતપોતાના ઉદ્યોગ – ધંધાનો વિકાસ સાધી શકશે.

કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નરેશકુમાર ચાવડાએ જણાવ્યું હતું કે, કેનેડામાં હિન્દુ કોમોડિટીમાં સૌથી વધુ બિઝનેસમેનો ભારતીય મુળના છે. આ બિઝનેસમેનો જુદા–જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા છે, આથી ચેમ્બર ઓફ કોમર્સની સાથે થયેલા સમજૂતિ કરારને પગલે કેનેડાના બિઝનેસમેનો અને સુરતના ઉદ્યોગ

સાહસિકોને એકબીજાની સાથે પરસ્પર વ્યાપાર અને ધંધો કરવામાં સરળતા રહેશે. કેનેડા હવે ઔદ્યોગિક દૃષ્ટિએ તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ બધી જ રીતે ઉભરતો દેશ છે ત્યારે વ્યાપાર અને વાણિજ્યની દૃષ્ટિએ તેઓ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વધુ સક્રીય થશે, જેનો સીધો લાભ સુરતના ઉદ્યોગ સાહસિકોને થશે.

આ મિટીંગ દરમ્યાન કેનેડાના બિઝનેસમેન પ્રતિનિધીઓ અને સુરતના ઉદ્યોગ સાહસિકો વચ્ચે વન ટુ વન બિઝનેસ મિટીંગ પણ થઇ હતી, જેમાં બંને દેશના બિઝનેસમેનોએ પોતપોતાના ક્ષેત્રને લગતી પ્રોડકટની માહિતીની આપ – લે કરી હતી. આ મિટીંગ થકી તેઓ એકબીજાના સીધા સંપર્ક આવ્યા હતા.

આ મિટીંગમાં કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના વાઇસ પ્રેસિડેન્ટ કુશાગર દત્ત શર્મા અને જનરલ સેક્રેટરી મહર્ષિ જાની તથા ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. તેમણે મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર પણ માન્યો હતો અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.